# સેકટરોની કરિયાણાની દુકાનોમાં માલ ખુટયો

## છેલ્લા ચાર દિવસના લોકડાઉનના અંતે કરિયાણાના વેપારીઓ પાસે દુકાનમાં સ્ટોક નથી : હોલ સેલ બજાર ખુલ્લા કરાતા ટુંકમાં સ્ટોક સપ્લાય થશે તેમ પણ મનાઇ રહ્યુ છે

ગાંધીનગર તા ૨૮

શહેરમાં સતત છેલ્લા ચાર દિવસથી લોકડાઉનનો અમલ થઈ રહ્યો છે. જયારે નગરમાં મુખ્ય શોપિંગ બજારો બંધ છે. પરંતુ દવા , દુધ અને શાકભાજી સહીત કરિયાણાની જરૂરી ચીજવસ્તુઓ મળી રહે તે માટે દુકાનો ખુલ્લી રાખવામાં આવી છે. પરંતુ ચાર દિવસના અંતે હવે આ દુકાનોમાં પણ સ્ટોક ખલાસ થવા આવ્યો હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જેના લીધે નાગરિકોને જરૂરી ચીજવસ્તુઓ મળતી નથી. આવા સંજોગોમાં કરિયાણાની ચીજવસ્તુઓ પુરતી મળી રહે તે માટે પણ સરકારે ત્વરિત વ્યવસ્થા ગોઠવે તેવી લાગણી અને માંગણી સ્થાનિક નાગરિકોએ વ્યકત કરી છે.

ગાંધીનગરમાં ઐતિહાસિક લોકડાઉન વચ્ચે છેલ્લા ચાર દિવસથી નગરના શોપિંગ બજારોમાં પણ સુનકરા છે. જો કે જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ




માટે જરૂરી કરિયાણા તેમજ દવા અને દુધની દુકાનો ખુલ્લી રહે છે.

જયારે જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ ખરીદવા માટે નાગરિકોની થોડી ઘણી અવરજવર પણ રહે છે. પરંતુ આજે નગરની ઘણી ખરી કરિયાણાની દુકોનોમાં માલ ખુટી પડયો હોવાની બુમ વચ્ચે જરૂરી ચીજવસ્તુઓ ન મળતી હોવાનો રોષ પણ ઠાલવ્યો હતો. સવારથી સેકટરોની સ્થાનિક દુકાનોમાં કરિયાણાની ચીજવસ્તુઓ ન હોવાના સાથે નાગરિકોએ પાછા ફરવુ પડયુ હતુ. છેલ્લા ચાર દિવસના લોકડાઉનના અંતે સ્થાનિક વેપારીઓ પાસે જરૂરી માલ પણ ખુટી પડયો છે.

જયારે નગરના શોપિંગ મોલ્સ પણ બંધ છે. ત્યારે કેટલાક સેકટરોમાં નાગરિકો મુંઝવણમાં મુકાયા હોવાના દ્રશ્યો પણ સામે આવ્યા છે. બીજીતરફ સરકારે હોલસેલ બજારો ખુલ્લા કરતા નાના વેપારીઓને ટુંકમાં જ જરૂરી ચીજવસ્તુઓનો માલ સપ્લાય કરી દેવાતા સમસ્યાનો અંત આવી જશે તેમ પણ મનાઈ રહ્યુ છે. શહેરમાં છેલ્લા ચાર દિવસથી ચાલી રહેલા લોકડાઉન વચ્ચે સેકટરોમાં જીવનજરૂરિયાતની ચીજ વસ્તુઓ મળી રહી છે. સેકટરોમાં દવા , દુધ અને કરિયાણાની દુકાનો ખુલ્લી રાખવામાં આવતા આમ નાગરિકોને કોઈ તકલીફ ન પડે તેવુ આયોજન કરાયુ છે. પરંતુ દુકાનોમાં જ સ્ટોક ખલાસ થતા નાગરિકોએ સરકાર આ મામલે ત્વરિત વ્યવસ્થા કરવામાં આવે તેવી લાગણી અને માંગણી વ્યકત કરી છે.

## ખૂણેખાંચરેથી

- ગુજરાત વિધાનસભાના ધારાસભ્ય ગુલાબસિંહ રાજપૂતે મુખ્યમંત્રીને પત્ર લખી પત્રકારો અને પોલીસ જે ફરજ બજાવી રહેલ છે તેમને પણ વીમા-કવચ સરકારે આપવુ જોઈએ તેવી રજુઆત કરી છે.
- ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા લોકડાઉનનો અમલ કરી પોતાના જન્મદિવસની ઉજવણી ઘરે રહીને કરશે.
- કોંગ્રેસના મહિલા ધારાસભ્ય ગેનીબેન ઠાકોરને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.
- ગાંધીનગર જિલ્લાતંત્રએ શરૂ કરેલા કંટ્રોલરૂમ પર આજે બે જેટલી ફરિયાદો ખાવાનુ નહિ મળતુ હોવાનું કરી હતી. જો કે તંત્રએ આ અંગે પગલાં લીધા હતા.
- ગાંધીનગર જિલ્લા મહેસુલી તંત્રના કર્મયોગીઓ, જિલ્લાના તલાટીઓ તેમજ પંચાયતના કર્મયોગીઓએ તેમના એક દિવસનો પગાર રાજયના મુખ્યમંત્રીશ્રીના કોરોના ફંડમાં જમા કરાવવાનો નિર્ણય કર્યો છે.
- રાજયના મુખ્ય સચિવ અનિલ મુકીમ અને આરોગ્યના અગ્ર સચિવ ડૉ. જયંતિ રવિએ આજે વિડીયો કોન્ફરન્સ જિલ્લાઓના અધિકારીઓ સાથે યોજી હોમ કવોરોન્ટાઈનમાં રહેલાઓની તપાસ સઘન કરવા જણાવ્યુ હતુ.
- મુખ્યમંત્રીશ્રીના કોરોના ફંડમાં અત્યાર સુધીમાં ૫૨૦૦થી વધુ વ્યકિતઓએ દાન આપ્યું છે.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હાલ કોરોનાથી પિડીત ૮ દર્દીઓ સારવાર હેઠળ છે.

## ખાનગી તબીબોને પોતાના ક્લિનીક અને હોસ્પિટલ ચાલુ રાખવા આદેશ

ગાંધીનગર,તા.૨૮

ગાંધીનગર જિલ્લાના તમામ ખાનગી તબીબોને પોતાના દવાખાના – કિલનિકો અને હોસ્પિટલોની ઓ.પી.ડી પૂર્ણ ક્ષમતા સાથે ચાલુ રાખીને જિલ્લાના નાગરિકોના સ્વાસ્થ્ય માટે નૈતિક ફરજ બજાવવા અનુરોધ કર્યો છે.

કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા જિલ્લામાં લોક ડાઉન જાહેર કરવામાં આવેલ છે. આ સમય દરમ્યાન ગાંધીનગર જિલ્લાના નાગરિકોના સ્વાસ્થ્યની સુરક્ષા અને જાળવણી માટે સરકારી દવાખાના, હોસ્પિટલો તથા ખાનગી હોસ્પિટલો સંયુકત રીતે આ મહાબીમારીને નાથવા સંકલ્પબધ્ધ બન્યા છે. સરકારી તબીબી તંત્ર કોરોના વાયરસનો ચેપ ફેલાતો અટકાવવામાં અને તેને લખતી સંબંધિત શક્યતાઓ ધ્યાને લઈ તેની પૂર્વ તૈયારીમાં ખૂબ જ વ્યસ્ત છે. ત્યારે રોજબરોજની બિમારીઓ માટે ખાનગી મેડિકલ પ્રેક્ટિસનરો ઉપર ખૂબ મોટી જવાબદારી આવી છે. જે તેઓ દ્વારા પૂરી નિષ્ઠાથી તેઓની ઓ.પી.ડી ચાલુ રાખીને ઘણી બધી સુવિધાઓ આપી શકે તેમ છે.

આવી વૈશ્વિક સંકટની ઘડીમાં ખાનગી તબીબી વ્યવસાય સાથે સંકળાયેલા તબીબો પોતાના દવાખાના – હોસ્પિટલોમાં રોજબરોજની બિમારીઓ માટે તબીબી સારંવાર આપી લોકોને મદદ કરીને પૂણ્યનું કામ કરે તે તબીબો તરીકેની તેમની પ્રાથમિક ફરજ છે. જેથી જિલ્લાના તમામ તબીબી વ્યવસાય સાથે સંકળાયેલ ખાનગી પ્રેક્ટિસનરોને જિલ્લા વહીવટી તંત્ર તરફથી જિલ્લા કલેકટર શ્રી ડૉ કુલદીપ આર્યએ ભારપૂર્વક અનુરોધ કર્યો છે.

## લોકડાઉનનો ભંગ કરતા "લટારમારૂઓ" પર વૉટર કેનનની જેમ સેનેટાઈઝરનો ફૂવારો ના મારી શકાય ??

ગાંધીનગર, તા. ૨૮

નોવેલ કોરોના કોવિદ-૧૯ વાયરસની ઝપેટમાં આખુ વિશ્વ આવી ગયું છે અને અમેરિકા-ઈટાલી જેવા દેશોમાં તો દર્દીઓ ટપોટપ મોતને ભેટી રહ્યાં છે ત્યારે ભારતમાં પણ તેવી બિહામણી સ્થિતિ ના



સર્જાય તે હેતુથી વડાપ્રધાને સમયસર લોકડાઉનનો નિર્ણય લીધો છે જેને દેશના મોટાભાગના નાગરિકોએ અપનાવી લઈ કોરોનાના કહેરને નાથવાની લડતમાં સાથ આપી રહ્યાં છે. ગાંધીનગરમાં પણ મોટાભાગના નાગરિકો લોકડાઉનનો ચુસ્ત અમલ કરી રહ્યાં છે પરંતુ હજુ પણ કેટલાક બેજવાબદારો માત્ર પાન-મસાલા-ગુટખા ખાવા માટે કે ટોળટપ્પાં કરવા અને "લટાર" મારવા લોકડાઉનનો ભંગ કરી રહ્યાં છે.

એક તરફ શહેરમાં ફાયરબ્રિગેડ તથા સફાઈ કર્મીઓની ટીમ સમગ્ર શહેરને સેનેટાઈઝર અને સ્વચ્છ કરવા મથી રહી છે જેથી કોરોનાની અસર ઓછી કરી શકાય ત્યારે આ રીતે "લટાર" મારવા નીકળી પડતાં મુરખાઓ કોરોનાને ફેલાવા માટે મોકળુ મેદાન બની રહ્યાં છે. ફાયરબ્રિગેડ દ્વારા જે રીતે મોટા ફુવારા દ્વારા મકાનો અને વાહનોને સેનેટાઈઝ કરવામાં આવી રહ્યાં છે ત્યારે શહેરના "લટાર" મારૂઓ પર પણ સજાના ભાગરૂપે તેમના વાહન સહિત તેમની પર સેનેટાઈઝરનો ફૂવારો ચલાવવો જોઈએ. જે રીતે આંદોલનકારીઓને કાબુમાં લેવા પોલીસ વૉટરકેનન ચલાવે છે તે રીતે આ 'લટારમારૂ'ઓ પર સેનેટાઈઝરનો ફૂવારો કરવામાં આવે તો તેઓ સેનેટાઈઝ પણ થઈ જશે અને ઘરની બહાર નીકળવાની 'ખો' ભુલી જશે.

## પેથાપુર પોલીસ દ્વારા બે રિક્ષાચાલકો સામે જાહેરનામા ભંગની ફરિયાદ

ગાંધીનગર,તા.૨૮

ભારતભરમાં કોરોના વાયરસે હાહાકાર મચાવ્યો છે. સમગ્ર દેશમાં ૨૧ દિવસનું લોકડાઉન છે. ત્યારે કેટલાક નાગરીકો હજુ પણ આ વાતની ગંભીરતા સમજી રહ્યા નથી. ત્યારે પેથાપુર પોલીસે લોકડાઉનની પરિસ્થિતિ વચ્ચે પણ રીક્ષા ચલાવતા બે રીક્ષા ચાલકોને પકડી પાડ્યા છે.

પેથાપુર પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે સમયે પેથાપુર બસ સ્ટેન્ડ પાસે જી.જે.૧૮.એ.વાય-૦૫૯૧ નંબરની રીક્ષા મુસાફરો ભરીને પસાર થઈ રહી હતી. જેને પગલે પોલીસે રીક્ષા ચાલકને રીક્ષા ઉભી રખાવીને ચાલકનું નામ પુછતા તે પેથાપુર દંતાણી વાસમાં રહેતો સંજય પોપટભાઈ દંતાણી હોવાનું સામે આવ્યું હતું. જેને પગલે પોલીસે તેની સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બીજી તરફ પોલીસ પેટ્રોલીંગ દરમિયાન રાંધેડા ચાર રસ્તા પાસે પહોંચ્યા હતા. તે સમયે જી.જે.૧૮.એ.વાય.-૮૮૬૪ નંબરની સીએનજી રીક્ષા મુસાફરો ભરીને જઈ રહી હતી. જેથી પોલીસે રીક્ષા ચાલકને પકડી પાડ્યો હતો.રાંધેજા રાવળ વાસમાં રહેતા ભાઈલાલભાઈ રણછોડભાઈ રાવળ સામે પેથાપુર પોલીસે જાહેરનામા ભંગની ફરીયાદ નોંધીને કાર્યવાહી હાથ ધરી છે.

## ગાંધીનગરથી રીક્ષા લઈને રફુચક્કર થયેલો ગઠીયો વાડજ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૮

ચોર ચોરી કરવા માટે અવનવી તરકીબો અપનાવે છે. ત્યારે આ પ્રકારની એક તરકીબ અપનાવી શહેરમાંથી રીક્ષા ચોરીની ઘટના પ્રકાશમાં આવી છે. જેમાં આખા દિવસ માટે રીક્ષા ભાડે કરી પાંચ કલાક સુધી શહેરમાં વિવિધ સ્થળે ફેરવ્યા બાદ ગઠીયો રીક્ષા લઈને રફુચક્કર થઈ ગયો હતો. પરંતુ રીક્ષા ચાલકે રીક્ષા ચોરીની કોઈપણ સ્થળે ફરીયાદ નોંધાવી ન હતી.પરંતુ અમદાવાદ ખાતે આરોપી ચોરીની રીક્ષા સાથે પકડાઈ જતા સમગ્ર મામલો બહાર આવ્યો હતો.

પેથાપુર ખાતે નાની શેરીચકલાવાવીકુંવી પાસે રહેતા જયપાલસિંહ રાજેન્દ્રસિંહ વાઘેલા (ઉ.૨૭)રીક્ષા ચલાવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા.૮ માર્ચના રોજ તે પોતાની રીક્ષા નં. જી.જે.૧૮.એ.વાય-૯૬૦૦ લઈને પથિકાશ્રમ પાસે ગયો હતો. નવ વાગ્યાના અરસામાં એક શખ્સ તેની પાસે આવ્યો હતો અને આખો દિવસ માટે રીક્ષા ભાડે કરવાની વાત કરી હતી. આ શખ્સે કહ્યુ હતુ કે તેની પત્ની ઘણા સમયથી છોડીને જતી રહી છે અને તે હાલમાં ગાંધીનગરમાં ક્યાક રહેતી હોવાથી તેને શોધવા માટે આખો દિવસ લાગશે. ૭૦૦ ભાડુ નક્કી કરી આ શખ્સો ગાંધીનગરમાં વિવિધ સેકટરોમાં રીક્ષા ફેરવી હતી.

બપોર બાદ આ શખ્સે સે-૨૪ શાકમાર્કેટ પાસે અંબાજી માતાના મંદિર પાસે રીક્ષા લઈ જવાનું કહ્યું હતું. આ શખ્સે રીક્ષા ચાલક યુવકને મંદિર સામે આવેલા જવેલર્સની ઉપર આવેલા મકાન ખુલ્લુ છે કે નહી તે જોવા માટે કહ્યું હતું. જેને પગલે રીક્ષા ચાલક યુવક રીક્ષાની ચાવી અંદર મુકીને ગયો હતો. મકાન ચેક કરવા માટે ગયો હતો. બે ત્રણ મિનિટમાં તે પરત ફર્યો હતો પરંતુ રીક્ષા સાથે ગઠીયો ફરાર થઈ ગયો હતો.

યુવકે આ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે જાણ કરી હતી. જો કે ફરીયાદ નોંધાવી ન હતી. જો કે ઘટનાના ત્રણ દિવસ પછી રીક્ષા ચાલક યુવકને વાડજ પોલીસે બોલાવ્યો હતો. જેથી યુવક વાડજ જઈને તપાસ કરતા રીક્ષા અને ગઠીયો બંન્ને મળ્યા હતા. રીક્ષા ચોરી કરનાર શખ્સ ધારેલા તાલુકાના પીપળી ગામનો રોહિતભાઈ ખોડાભાઈ સાગઠીયા હોવાનું ધ્યાને આવ્યું હતું. જેથી પોલીસે રીક્ષા ચાલક યુવકે તેની સામે સેકટર-૨૧ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

આપણે સુરક્ષિત તો રાષ્ટ્ર સુરક્ષિત
સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

ચાલો, COVID-19 સામે સહુ સાથે મળીને લડીએ




નોવેલ કોરોના વાયરસના સંક્રમણને નાથવા

મુખ્યમંત્રી રાહતનિધિમાં ઉદાર હાથે ફાળો આપો

નાગરિકો, સેવાભાવી અને સ્વૈચ્છિક સંગઠનો,અગ્રણી ઉદ્યોગપતિઓ, વેપારીઓ, એન.જી.ઓ., દૂધ મંડળીઓ, સહકારી સંઘો, સામજિક સેવાભાવી સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ વગેરે મુખ્યમંત્રી રાહતનિધિમાં તેમનો સ્વૈચ્છિક ફાળો આ બેન્ક ખાતામાં ઓનલાઈન જમા કરાવી શકે છે

CMRF BANK DETAILS,
A/C NAME :
CHIEF MINISTER'S RELIEF FUND
A/C NO. 10354901554
SAVINGS BANK ACCOUNT
SBI, NSC BRANCH (08434)
IFSC: SBIN0008434

આ ફાળો આવકવેરાની કલમ ૮૦-જી હેઠળ કરમુક્તિને પાત્ર છે

સહિયારા પ્રયાસોથી કોરોનાના સંક્રમણથી બચીએ
- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

ઘરમાં જ રહીએ, સુરક્ષિત રહીએ

## કડી કેમ્પસના શ્રમિક રાહત કેમ્પનો ૭૧૮ યાત્રિકોએ લાભ લીધો

ગાંધીનગર,તા.૨૮

નોવેલ કોરોના વાયરસના કારણે સમગ્ર દેશમાં લોક ડાઉનના કારણે શ્રમિકો માટે ગાંધીનગરમાં જિલ્લા કલેકટર શ્રી કુલદીપ આર્યની સૂચનાથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અલગ- અલગ સ્થળોએ શ્રમિકો માટે આશ્રય –રાહત કેમ્પ ઉભા કરવામાં આવ્યા હતા. જેમાં ગાંધીનગરના બાંધકામ સ્થળો સહિતના નાના મોટા કારખાનાના શ્રમિકોને આશ્રય આપી રહેવા-જમવા તથા આરામ માટે પથારીની સુવિધાઓ આપવામાં આવી હતી.

આ શ્રમિકો માટેની રાહત સુવિધા છાવણી પૈકી ગાંધીનગરમાં કડી કેમ્પસ ખાતે ઉભી કરાયેલ રાહત છાવણીની જવાબદારી જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી ડી.પી.જાદવને સોંપવામાં આવી હતી. શ્રી ડી.પી.જાદવે જણાવ્યું હતું કે, કડી કેમ્પસ ખાતે કુલ- ૭૧૮ યાત્રિકોને લાવવામાં આવ્યા હતા. તેમને વહીવટી તંત્ર તરફથી ચા, બિસ્કીટ અને ચવાણાનો નાસ્તો આપવામાં આવ્યો હતો. તથા તમામ યાત્રિકોનું મેડિકલ ચેક અપ કરવામાં આવ્યુંહતું. તથા સાંજ તમામની જમવાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. તથા ફાયર ટીમ દ્વારા બિલ્ડીંગને સેનિટાઈઝ કરવામાં આવ્યું હતું.

## લોકડાઉનમાં પણ બટકુ રોટલો શ્વાનને નાખવા સહયોગ સંકુલમાં આવતાં કર્મયોગી હરેશ ચૌહાણ

ગાંધીનગર, તા. ૨૮

નોવેલ કોરોના વાયરસના કારણે સમગ્ર ગાંધીનગરમાં લોક ડાઉનની પરિસ્થિતિ છે. આ સમયે મૂંગા પશુઓનું શું ? તેની ચિંતા પણ



અનેક લોકો કરી રહ્યા છે. તેનું એક ઉમદા દષ્ટાંત ગાંધીનગરના સેકટર-૧૧માં આવેલી વિવિધ જિલ્લા કક્ષાની કચેરીઓ માટેના સહયોગ સંકુલમાં આવેલી જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના કર્મયોગી શ્રી હરેશ ચૌહાણએ પુરું પાડયું છે.

સમગ્ર ગાંધીનગર સહિત રાજય અને દેશના વિસ્તારોમાં નોવેલ કોરોના વાયરસના કારણે લોક ડાઉન કરવામાં આવ્યું છે. કર્મચારી નગરીની ઓળખ ધરાવતા ગાંધીનગરમાં અનેક સરકારી કચેરીઓ આવી છે. હાલમાં આવશ્યક સેવા સિવાયની તમામ કચેરીઓમાં કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા માટે રાજય સરકારના હુકમથી હાલ બંધ છે.

જિલ્લા કક્ષાની કચેરીઓના ભવન તરીકે ઓળખ ધરાવતું સહયોગ સંકુલમાં હાલ એક કે બે કચેરીઓ ચાલું છે. આ કચેરીમાં માનવના મિત્રો કહેવાતા શ્વાન નિવાસ કરે છે. રાબેતા સમયે બહારથી વિવિધ કચેરીઓમાં આવતાં અને કચેરીમાં રિશેષ ટાઈમએ ભોજન કરતા કર્મયોગીઓ એક ટુકડા થકી ઓછામાં ઓછા આઠ થી દશ શ્વાનના પેટ ભરાતા હતા.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં ફરજ બજાવતા શ્રી હરેશભાઈ ચૌહાણ અંદાજે ૩૦ વર્ષ કરતા વધુ સમયથી જયાં નોકરી કરી ત્યાં શ્વાનને બટકુ રોટલો નાખવાનું ઉમદા કાર્ય કરતા આવ્યા છે. હાલ તેઓ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં ફરજ બજાવે છે. આ કચેરીમાં પ્રવર્તમાન પરિસ્થિતિમાં રજા હોવા છતાં પણ તેઓ સતત ઓફિસ ટાઈમે કચેરીના સહયોગ સંકુલમાં આવે છે. આ શ્વાનને પેટ ભરાય તેમ બટકુ રોટલો અને બિસ્કીટ ખવડાવે છે. છેલ્લા પાંચ દિવસથી કચેરીમાં રજાનો માહોલ હોવા છતાં ચૌહાણભાઈ આ કાર્યની ભૂમિકા ઉમદા રીતે અદા કરી રહ્યા છે.